## પ્રૌઢશિક્ષણ માટેનું પ્રમાણીત સાહિત્ય

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભુ હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ કયાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાકયપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરાંમના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટા રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરે
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાલો-૧
૬૨ ઓત૦ દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

### બાળસાહિત્ય ગુચ્છ

૧ જોયું ને આંખ ઠરી
૨ ઠેકંઠેકા
૩ દાદાજીની તલવાર
૪ વસંત આવી
૫ તફતફ તરૂરૂરૂ
૬ વિલાયતી વાતો
૭ ગામડામાં ગયો હતો
૮ ટેક
૯ આંબો રોપ્યો
૧૦ સટરપટર વાતો
૧૧ ભેંશના શિંગડામાં
૧૨ લાલ અને હીરા
૧૩ જીવજંતુ
૧૪ હેમુભાઈના પાઠો
૧૫ કાવ્યો-રેખાચિત્રો
૧૬ પક્ષીઓ
૧૭ વૃક્ષો
૧૮ વિજ્ઞાન

# બાળસાહિત્યગુચ્છ

સંપાદકો

ગિજુભાઈ
તારાબહેન

## પક્ષીઓ

**શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય**

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

---

**બાળસાહિત્ય ગુચ્છ**

---

# પક્ષીઓ

: લેખક :

ગિજુભાઈ

પ્રૌઢશિક્ષણ નિયામકશ્રીના પત્ર નં. પ૭શ/૮૯-ગ-૧/૧૦૪૫-૧૧૫૦ તા. ૨૪-૪-૧૯૮૯ના પત્રથી જનશિક્ષણ કેન્દ્રો તથા અનૌપચારિક શિક્ષણ માટે ખરીદવા ભલામણ થયેલ છે.

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨ * ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ • અમદાવાદ ૩૮૦ ૦૦૧

© પ્રકાશકનાં

પુનઃસંપાદિત : પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૮૯ : પ્રત ૨૧૦૦

રૂ. ૩–૦૦

મુદ્રક
ભગતભાઈ બી. શેઠ, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી, સ્ટેશન રોડ, સોનગઢ ૩૬૪૨૫૦

# કૂવામાં કેમ જાય છે?

"એક આ કબૂતર વારંવાર કૂવામાં કેમ જાય છે?"

મને થયું : "ચાલ જાઉં અને જોઉં તો ખરો કે કૂવામાં શું છે?"

કબૂતર ચણ લઈ કૂવામાં ઊડયું ને હું તેની પાછળ ગયો. હું કૂવા પાસે પહોંચું ત્યાં તો તે તેમાંથી બહાર પણ આવી ગયું.

હું કૂવાને કાંઠે જ ઊભો રહ્યો. મેં વિચાર્યું : "જોઉં જોઈએ, કબૂતર ફરી વાર આવે છે કે નહિ."

થોડી વાર થઈ ત્યાં તો કબૂતર ફરી વાર આવ્યું. ઊડીને કૂવામાં ગયું. હું તેની પાછળ જ જોઈ રહ્યો. ત્યાં તો તે કૂવાની ભીંતમાં એક બખોલ જેવું હતું તેમાં ગયું ને થોડી વારે પાછું આવ્યું. બહાર આવીને પાછું ચણ લેવા ઊડી ગયું.

હું ત્યાં ને ત્યાં જ ઊભો રહ્યો. હું વિચાર કરવા લાગ્યો : "જરૂર, પેલી બખોલમાં કબૂતરનો માળો હોવો જોઈએ."

ત્યાં તો કબૂતર ત્રીજી વાર આવ્યું ને કૂવામાં ઊતર્યું. બખોલમાં જઈને વળી પાછું ઊડયું.

મને થયું : "તપાસ તો કરવી જ જોઈએ કે માળામાં એનાં ઈંડાં છે કે નહિ."

હું તો છેક નાનો, એટલે મને કૂવામાં ઊતરતાં ન આવડે. મેં તુરત મારા જીકાકાને બોલાવ્યા. "જીકાકા, જીકાકા! આ કૂવામાં ઊતરો ને? જુઓ ને પેલી બખોલમાં કબૂતરનાં ઇંડાં કેટલાં છે?'

મારા જીકાકા બહુ સારા છે. તે એક દોરડું લઇ આવ્યા ને કૂવાને લાકડે બાંધીને કૂવામાં ઊતર્યા.

બખોલ પાસે જઈને કહે : "એ છગન! આમાં ઈંડાંબીંડાં તો નથી પણ બે બચ્ચાં દેખાય છે."

મેં કહ્યું : "જીકાકા! બંને બચ્ચાંને ઉપર લાવો ને, મારે એને જોવાં છે. મેં કબૂતરનાં બચ્ચાં નથી જોયાં."

ત્યાં તો બચ્ચાંની મા દેખાઈ ને કકળાટ કરવા લાગી. કૂવામાંથી બહાર અને બહારથી અંદર ઊડાઊડ કરવા લાગી.

જીકાકા કહે : "જો આ એની મા ફફડે છે. કહે તો બચ્ચાંને ઉપર લાવું ને કહે તો અહીંથી જ બતાવું."

મેં કહ્યું : "ત્યારે તો તમે ત્યાંથી જ બચ્ચાંને બતાવો."

જીકાકાએ અમને બચ્ચાં બતાવ્યાં. બહુ સરસ નાનાં બચ્ચાં હતાં. એની મા જેવાં જ એ હતાં. એના પગ ને એની આંખો અસલ એની માના જેવી જ.

# એ તો લેલાનું બચ્ચું છે

બચુભાઈ દોડતા દોડતા આવ્યા ને કહે : "મોટા-ભાઈ મોટાભાઈ! પણે એક પક્ષીનું બચ્ચું છે. અને કાગડાઓ એને ચાંચે ચાંચે મારે છે."

મોટાભાઈ કહે : "જા, તું દોડ, કાંકરી ફેંકી કાગડાને ઉડાડી મૂક અને બચ્ચાંને અહીં લઈ આવ."

બચુભાઈ બચ્ચું પકડવાની ઘણી મહેનત કરે પણ કેમે કરીને પકડાય નહિ. પાસે બેઠેલા મિસ્ત્રીએ કહ્યું: "એ બચુભાઈ! ઈ બચ્ચાં ઉપર રૂમાલ નાખો ને પછી એને પકડો."

બચુભાઈએ રૂમાલ નાખી બચ્ચાંને પકડ્યું ને મોટાભાઈ પાસે આણ્યું.

બચ્ચું જરી યે જંપે નહિ. 'ટેંટેંટેંટેં!' કર્યા જ કરે.

બચુભાઈ પૂછે : "મોટાભાઈ! આ કોનું બચ્ચું હશે?"

મોટાભાઈ કહે : "જો, એ કેમ બોલે છે? 'ટેં ટેં ટેં.'

એવી રીતે બોલતાં તે કોઈ પક્ષીને સાંભળ્યું છે?"

બચુભાઈ: "યાદ આવતું નથી."

મોટાભાઈ: "આપણા બાવળ નીચે રોજ સવારે ક્યાં પક્ષીઓ આવે છે, ને અવાજ કરી મૂકે છે?"

"એ તો લેલાં : લલેડાં. રોજ આવે છે, એ ને?"

"ત્યારે જો જોઈએ. એના જેવું આ બચ્ચું છે કે નહિ?"

"હા હો ભાઈ! છે તો એના જ જેવું. એની ચાંચ ને આંખ ને પગ એના જેવાં જ છે. બરાબર જ આ બચ્ચું લેલાનું છે."

ત્યાં તો બચ્ચું બચુભાઈના હાથમાંથી ઊડ્યું ને જમીન પર માંડ્યું ભાગવા. બચ્ચું આગળ ને બચુભાઈ પાછળ. બચુભાઈએ કેટલીયે વાર રૂમાલ નાખ્યો ત્યારે માંડમાંડ પકડાયું.

બચુભાઈ કહે : "મોટાભાઈ! આનું ઘર ક્યાં હશે? એની મા, એના બાપા, બહેન, ભાઈ, બધાં ક્યાં હશે?"

મોટાભાઈ કહે : "આટલામાં જ ક્યાંઈક એનો માળો હોવો જોઈએ. ચાલો શોધવા જઈએ."

મોટાભાઈ અને બચુભાઈ બન્ને જણ ચાલ્યા. બચુભાઈના હાથમાં બચ્ચું હતું.

ત્યા તો કેટલાંય લેલાં ચારેકોર 'ટેંટેંટેં' કરવા



લાગ્યાં ને કહેવા લાગ્યાં: "બચ્ચાંને આપી દો એ બચ્ચું અમારું છે."

મોટાભાઈ કહે : "બચુ! મૂકી દે એ બચ્ચાંને. આ બધામાં એની મા હશે એ તેને લઇ જશે."

બચુભાઈએ બચ્ચું મૂકી દીધું.

ત્યાં તો 'લે લે લે, ટેંટેંટેં' કરતાં બધાં એની ફરતાં ફરી વળ્યાં. ત્યાં તો એની માએ એની સાથે વાત કરી, ને મા અને બચ્ચું હળવે હળવે ઊડીને બાજુની વાડની પેલી તરફ ગયાં.

ત્યાં જ એનો માળો હશે.

બચુ કહે : "બચ્ચું ભૂલું પડ્યું હશે તે આ બાજુ આવ્યું હશે."

મોટાભાઈ કહે : "હજી એ તો નાનું છે ના!'

# બુલબુલ

: ૧ :

"હેં જીકાકા ! પેલાં પક્ષીઓ રોજ સાથે આવે છે અને ઘર પછવાડેના કેરડા ઉપર બેસે છે, તે ક્યાં હશે ?"

"એ જ બુલબુલ."

"બધા 'બુલબુલ, બુલબુલ' કહે છે તે એ જ પક્ષીઓ ? એ તો હું રોજ જોઉં છું. ઘડીક થોરની વાડે બેસે છે ને ઘડીક પેલા નાના બાવળ ઉપર બેસે છે."

"ત્યારે એ જ બુલબુલ. એમને ઊડવાનો ને બેસવાનો, ને બેસવાનો ને ઊડવાનો બહુ શોખ હોય છે. બંને સાથે જ ઊડે છે. એક નર હોય છે ને બીજી માદા હોય છે."

"એમ ? એક નર ને એક માદા ? એની મને ખબર નહિ. બહુ લહેરથી ઊડે છે, જીકાકા ! ને બેસે છે ત્યારે બહુ ખૂબીથી બેસે છે. બેઉ પાસે પાસે બેસે છે, પણ એક જરાક નીચેની ડાળીએ ને એક જરાક



ઊંચેની ડાળીએ. ને બેસવાની રીતે એવી રાખે છે કે જાણે ચિત્ર કઢાવવા બેઠાં હોય ! એક વાર વાંસમાં બેઠેલાં મેં જોયેલાં. બહુ ખૂબીથી બેઠેલાં. મને ચીતરતાં આવડતું હોત તો હું બરાબર ચીતરી લેત."

"તારું કહેવું બરાબર છે. પંખીઓમાં બુલબુલને બેઠક લેતાં બહુ સરસ રીતે આવડે છે."

"પણ જીકાકા ! કહે છે કે બુલબુલો ગાય છે. તે કેવુંક ગાતાં હશે ને ક્યારે ગાતાં હશે ? આપણી પેઠે ગાતાં હશે ?"

"તું પણ જબરો છે, હો ! પંખીઓ આપણી જેમ નથી ગાતાં. ગળામાંથી મીઠો અવાજ કાઢવો એનું નામ પંખીઓનું ગાણું. કોયલ કૂઊ....કૂઊ...કરે, દેવચકલી મીઠી સીટી મારે, ચંડોળ આકાશમાં ઊડતું ઊડતું પંખીઓ જેમ બોલી કરે, એનું નામ પંખીનું ગાયન. કેટલાંક પંખીઓ ગાનારાં કહેવાય છે, ને કેટલાંક નથી કહેવાતાં."

"ત્યારે આ બુલબુલ ગાનારાં પંખીમાં ગણાય કે ?"

"ના, એ ગાનારામાં ન આવે પણ મીઠાબોલામાં આવે. બુલબુલ આખો દિવસ બેચાર જાતની મીઠી બોલી બોલ્યા કરે છે. ઘણાં બધાં બુલબુલો ભેગાં થઈને બોલે તો આપણને એવું સંભળાય કે નાનું એવું નદીનું ઝરણું ખળખળ ખળખળ વહે છે."

"પણ આ બે બુલબુલો સાંજે 'તીરૂ તીરૂ તીરૂ તીરૂ' બોલે છે એ તો કંઈક જુદું જ લાગે છે."

"તે એ તો એની સાંજની બોલી છે. કેટલાંક પંખીઓ સવારે એક જાતની બોલી કરે છે, ને સાંજે સૂતી વખતે બીજી જાતની કરે છે."

"હા હા, જીકાકા ! ઊંઘી જતા પહેલાં તેઓ ઝટપટ ઘણી બધી વાતો કરી લેતાં હશે: પાછું રાતે તો વાત થાય નહિ ના ! પણ જીકાકા! કોઈ પંખી રાતે બોલે જ નહિ ?"

"બોલે. બધાં તો ન બોલે પણ સમળી ને ઘુવડ રાતે જ બોલે. એ તો રાતનાં પંખી. હા, કોયલ દિવસનું પંખી તો યે રાતે બોલે ખરી. એ તો ગમે ત્યારે બોલે. અજવાળી રાતે કોઈ વાર કાગડા ય બોલે. રાતમાં બપૈયો પણ બોલે, ને કોઈ કોઈ વાર વખતે મોરલા ય બોલે. ટીટોડી પણ બોલે. બાકી ચકલાં, કાબર, બુલબુલ, વખતે કંઈ કારણ હોય તો બોલે, નહિ તો ન બોલે."

"જીકાકા ! બુલબુલ મને બહુ ગમે છે હો. આપણે એને પાંજરામાં પાળીએ તો પળાય કે નહિ ?"

"પાળી શકાય; ઘણા લોકો પાળે છે. બુલબુલ બહુ માયાળુ ને હળી જાય તેવું પંખી છે. હળી ગયા પછી તે ઘરમાં બહુ મોજથી ફરે છે. અને બાગમાં તે એવું



લહેરથી ઊડે છે કે બસ. બુલબુલ બાગનું જ પંખી છે. પણ આપણે એ ક્યાં પાળીએ? બરાબર ધ્યાન ન રહે તો બિલાડી આવીને મારી નાખે. પંખીઓ તો છૂટાં ઝાડ ઉપર જ સારાં. બિચારાંને પાંજરામાં કોણ પૂરે ?"

"ખરું કહો છો, જીકાકા ! આપણને કોઈ પૂરે તો આપણને ક્યાં ગમે છે? પણ જીકાકા! મને એ એક વાર પકડીને બતાવશો? મારે એને બરાબર જોવું છે."

"હા, બતાવીશ."

"ત્યારે જરૂર બતાવજો. એની પૂંછડી નીચેનું લાલ ટપકું ને માથાની કાળી ટોપી એ બરાબર જોવાં છે, એની આંખોનો ને એના પગનો રંગ જોવો છે."

"હા, તે બધું જોવાશે. પણ પકડ્યા વિના પણ એ બધું જોઈ શકાય. એક દૂરબીન લાવીએ તો બધાં પંખીઓ વગર પકડયે નિરાંત જોવાય."

"તો તો જીકાકા ! એ જ લાવો ને? બિચારાંઓને પકડવાં શા માટે? એક વાર રામુભાઈએ કાબરને પકડી હતી તે બિચારી ધ્રૂજતી હતી. આપણાથી પંખીઓ બીએ ને "

"તે બીએસ્તો."

"ત્યારે તમે દૂરબીન જરૂર લાવજો. હું તેમાંથી પંખીઓ જોઈશ અને તેમના રંગો નોંધી લઈશ."

: ૨ :

"ઓહો ચંપકકાકા! આ વળી શું લાવ્યા ?"

"એ તો બુલબુલનો માળો છે."

"ક્યાંથી લાવ્યા ?"

"એ પેલા આપણા ગામના તળાવની પેલી બાજુ રૂખડી કહેવાય છે ને, ત્યાંથી લાવ્યો. ત્યાં જે નાનાં નાનાં જાળાંઝાંખરાં છે એમાં બુલબુલ માળા બાંધે છે."

"તે સુગરીના માળા જેમ એ માળો લટકતો હતો કે કાગડાના માળા જેમ છેક ઝાડને મથાળે હતો ?"

"એ લટકતો પણ નહોતો અને મથાળે પણ નહોતો. ઝાંખરાંના અંદરના ભાગમાં બે ડાળની વચ્ચે બાંધેલો હતો."

"છે સરસ! રૂપાળી મજાની નાની વાટકી જેવો છે. અંદરથી કેવો મજાનો સરખો કરેલો છે? તે દિવસે આણેલા કાગડાના માળા જેવો નથી. એ તો ઢંગધડા વગરનો હતો. આ માળો તો બુલબુલે હોંશથી કરેલો છે. ને વળી કેટલો મજબૂત ને હૂંફાળો છે?"

"એ તો પંખીએ પંખીએ ફેર પડે છે. દરજી-ડાનો માળો વળી આથી યે સુંદર અને હૂંફાળો દેખાશે. અને સુગરીનો માળો તો જાણે રીતસરનું ઘર ન હોય? અંદર પાણીનું એક ટીપું ય ન પડે. એમાં બે ખંડ પણ હોય છે; એકમાં માબાપ રહે છે ને બીજામાં બચ્ચાં રહે છે."



"વાહ, સરસ! ત્યારે એક વાર સુગરીનો માળો લાવો ને? તમે તો કાગડાનો માળો આણ્યો ને બતાવ્યો. આવા સારા માળાની તો વાત જ કરો છો!"

"ને તમે બેઠા બેઠા વાતો સાંભળો છો! માળાઓ જોવાનો શોખ હોય તો ચાલો એક દિવસ મારી સાથે ગામ બહાર. માળા જોવા સીમમાં ભટકવું જોઈએ. માળા જોવાની ખૂબી તો માળાને એને ઠેકાણે જ જોવામાં છે. ઘેર લાવીએ ત્યાં અરધો વીંખાઈ જાય, ને કેવી રીતે બાંધ્યો હતો તેની ખબરે ય ન પડે!"

"તો તો હું જરૂર આવું. ક્યારે જઈશું ?"

"આવતે રવિવારે સવારે જઈશું."

"આવીશ; જરૂર આવીશ."

## કાબર

: ૧ :

"નાનાકાકા! યાદ છે તમને, તે દહાડે આપણે અમદાવાદથી પાછા ફરતા હતા ત્યારે અમદાવાદના સ્ટેશન ઉપર કાબરોએ કેવો શોરબકોર કરી મૂક્યો હતો? નાનાકાકા! કાબર તો તોબા!"

નાનાકાકા કહે: "એમ?"

શાંતિ: "એમ નહિ ત્યારે કેમ? મને તો કાબરોનું બોલવું જરા યે ન ગમે. કલબલ કલબલ: કચ્ય કચ્ય કચ્ય! મારાં રામફોઈ ને કંકુભાભી ને રાજુભાભુ આખો ય દિવસ જેમ લડ્યા કરે છે, એમ કાબરો પણ કચ્યકચ્ય કચ્યકચ્ય કર્યા જ કરે છે!"

નાનાકાકા: "શાંતિ! બધી કાબરો એવી નથી. કેટલીક તારી મંજુલાકાકી જેવી મંજુલ બોલનારી છે, અને કેટલીકએક તો આપણી લક્ષ્મીબહેન જેવી જાત-જાતની બોલી કરનારી પણ છે."

શાંતિ: "ના નાનાકાકા! હું તો બધી કાબરોને



સરખી ગણું છું. બધી બાઝકણી, કચ્યકચ્યણી ને કજિયાળી. દિ' આખો નવરી હોય છે ત્યારે કાં તો કજિયો ને કાં તો નિંદા કર્યા જ કરે!"

નાનાકાકા: "જૂઠો છે. ચાલ તને હું કાબર સંભળાવું."

નાનાકાકા ને શાંતિ ગામની બહાર ખાતરી કરવા ઊપડ્યા.

એક લીંબડાના ઝાડ નીચે જઈ બંને જણા બેઠા. થોડી વારે શાંતિએ પૂછ્યું: "નાનાકાકા! પેલું પોપટ જેવું કોણ બોલ્યું?"

વળી થોડી વારે પૂછ્યું: "નાનાકાકા! સાંભળો તો, ચકલી જેવું કોણ બોલ્યું?"

વળી શાંતિએ પૂછ્યું: "નાનાકાકા! ચાલો જોઈએ, આ નવું પક્ષી કયું છે, જે જેની તેની બોલી બોલે છે?"

નાનાકાકા: "એ જ કાબર છે, ગાંડાભાઈ! હું નહોતો કહેતો કે કાબરો પણ સારું બોલે છે?"

શાંતિ: "ચાલો જોઈએ ક્યાં છે?"

શાંતિ ને નાનાકાકાએ આમતેમ જોયું. બે કાબરો લીંબડા ઉપર, બીજી બે વાડ પાસેની પીપર ઉપર અને ત્રણચાર કાબરો જરાક દૂરની આંબલી પર બેઠી હતી.

નાનાકાકાએ કહ્યું: "હવે જો પેલી કાબરો, અને સાંભળ એ શું બોલે છે તે."

શાંતિએ કાન માંડ્યા ને સાંભળ્યું.

શાંતિ: "નાનાકાકા! તમારી વાત તો બરાબર છે. પણ આ તો નવાઈ જેવું છે કે કાબર કેટલું બધું નવું બોલે છે! ને જાતજાતનાં પક્ષીઓ બોલે છે તેના જેવું. પણ એ વચ્ચે એવું કોમળ ને મીઠું બોલે છે કે બસ! અને કોઈ કોઈ વાર તો મારાં નાની કાકી મારી સાથે હસીને બોલતાં હોય એવું લાગે છે."

નાનાકાકા: "હું પણ એમ જ કહેતો હતો કે બધી કાબરો એવી નથી. કાબરોમાં સરસ અનુકરણ-શક્તિ છે. અને તેઓ બીજાં પક્ષીઓની બોલી બોલી શકે છે. ઝઘડો કરે છે ત્યારે તો માથું ફેરવી નાખે છે, પણ લહેરમાં હોય ત્યારે મજાનું મીઠું મીઠું બોલ્યા કરે છે."

શાંતિ: "આપણી ગંગામાશીને ઠીક મળતી આવે. જ્યારે ખિજાય ત્યારે ભૂંડુંભૂખ બોલે ને રાજી થાય ત્યારે એવું સારું બોલે, કે બસ!"

નાનાકાકા: "પક્ષીઓ ય તે કોઈ વાર ખિજાય અને કોઈ વાર રાજી ય થાય અને કાબરનું પણ એવું જ."

શાંતિ: "ત્યારે તો નાનાકાકા! લોકો નાહક કાબરને નિંદે છે."

નાનાકાકા: "એ તો સમજ્યા વિના. પક્ષીઓ વિષે જ્ઞાન નહિ એટલે જેમ આવે તેમ બોલે. આ



કાબર તો ઠીક, પણ એક બીજી કાબર થાય છે એને 'જંગલ મેના' કહે છે. બધી કાબરો મેના કહેવાય છે, આ આપણી કાબરને પણ ઘણા લોકો 'દેશી મેના' કહે છે. એક બીજી કાબર છે એનું નામ 'બ્રાહ્મણી મેના' છે. વળી એક ત્રીજી જાત છે એનું નામ 'તટ મેના' છે. તટ મેનાને કેટલાક લોકો 'ગંગા મેના' પણ કહે છે, ને બ્રાહ્મણી મેનાને 'પવાઈ' કહે છે. વળી કાબરની એક ચોથી જાત છે એનું નામ 'અબલાખ મેના' છે."

શાંતિ: 'ઓહોહો! મેનાની કેટલી બધી જાતો છે! મેં તો એક કાબર જ ભાળી છે. મને બીજી મેનાઓ બતાવશો?"

નાનાકાકા: "હા, કોઈ વાર જરૂર બતાવીશ."

: ૨ :

હું દવાખાને જતો હતો. રસ્તે મેં કાબરોનો કલબલાટ સાંભળ્યો. લીંબડા પર બેઠી બેઠી કાનને કંટાળો આપે એવી રીતે પાંચ કાબરો 'કલબલ કલબલ' કરતી હતી.

કાબરો લહેરમાં હોય છે ત્યારે ખરેખર મીઠું બોલે છે: પણ આજે તો તેઓ કર્કશ બોલતી હતી.

હું વિચાર કરવા લાગ્યો; "આજે આ કાબરોને થયું છે શું કે 'કૈં કૈં કૈં' કરવા માંડી છે?"

મેં આજુબાજુ જોયું. નજીકમાં નહોતો એકે કાળોકોશી કે નહોતો એકે શકરો.

વળી ચારેકોર જોયું તો એક ખાબોચિયામાંથી પાણી પીતી બિલાડીને જોઈ. કાબરો તેની સામે જોઈ જોઈ ને, ને ડોક લાંબી કરીને 'કચ કચ' કરતી હતી. બિલાડી નિરાંતે જીભ કાઢી ચપચપ ચપચપ પાણી ચાટતી હતી.

કાબરો કચ કચ કરીને બીજી કાબરોને ખબર આપતી હતી: "ચેતો, ચેતો, ચેતો! બિલાડીબાઈ નીકળ્યાં છે. બરાબર ધ્યાન રાખો નહિતર ઝડપમાં આવી જશો."

બિલાડીને જોઈને કાબરો એવું તો 'કીવી, કીવી' કરી મૂકે છે કે કોઈ પણ પક્ષી ચેતી જાય.

પછી મેં બિલાડીને હાંકી મૂકી. ત્યાં તો કાબરો તરત જ બંધ પડી ગઈ.

કાબરોનાં બચ્ચાં ગયા અઠવાડિયામાં ઈંડાંમાંથી બહાર આવ્યાં હતાં. તેઓને ખવરાવવા માટે કાબરો જીવડાં શોધવામાં ગૂંથાઈ હતી. તેઓ ચાંચ ભરીને માળા તરફ ઊડી ગઈ અને હું દવાખાને ગયો.

દવાખાનેથી પાછો આવ્યો ત્યાં મારા બાળકોએ કહ્યું: "મોટાભાઈ! આજે તો અમને કાબરોનાં બચ્ચાં બતાવો ને બતાવો: અમે નિસરણી પણ આણી રાખી છે. અમારે નાનાં બચ્ચાંની નાની ચાંચો ને પાંખો



જોવી છે."

મારા જ ઘરની ભીંત અને છાપરા વચ્ચેના ભાગમાં કાબરનો માળો હતો માળામાં બે બચ્ચાં હતાં.

વાત કરીએ છીએ ત્યાં તો કાબર ચાંચ ભરીને આવી. ને ત્યાં તો માળામાં 'ઝીણુ ઝીણુ, ચીણુ ચીણુ, ટીણુ ટીણુ' ના ઝીણા ઝીણા ને તીણા તીણા અવાજો થવા લાગ્યા. ચાંચો ફાડીને બેઠેલાં બચ્ચાં ખુશી ખુશી થઈ ગયાં; અને ખુશાલીમાં તીણા તીણા અવાજો કરવા લાગ્યાં. કાબરે પોતાની ચાંચ ઉઘાડી અને બચ્ચાંનાં મોં જીવડાંથી ભરી દીધાં. થોડી વારે કાબર માળામાંથી બહાર આવી ને ફરી વાર જીવડાં વીણવા ઊડી ગઈ.

નિસરણીએ ચડી મેં બચ્ચાં જોયાં. હજી છેક નાનાં હતાં. ચાંચ પીળી ને નાની એવી હતી. હજી પાંખો પૂરી નહોતી આવી. માળામાં પાસે પાસે બેઠાં હતાં. નાનાં પેટ હલતાં હતાં. હજી પીછાં આવ્યાં ન હતાં, એટલે પેટની ચામડી દેખાતી હતી. નાનાં બચ્ચાં મને જોઈ મારી સામે તાકી રહ્યાં. તેમને થયું હશે; "આ કોણ? આ બા તો નહિ; આ બાપા પણ નહિ."

પછી નાનો નટુ નિસરણીએ ચડ્યો ને તેણે બચ્ચાં જોયાં. પછી વિનુએ જોયાં પછી વિદુએ જોયાં.

ત્યાં તો કાબર દોડાદોડ આવી ને આમતેમ ઊડવા લાગી. આ ઘડીએ માથામાં ચાંચ મારશે એમ

થયું. અમે ઝટ નીચે ઊતરી ગયાં ને કાબર માળામાં ગઈ. પછી તો અમે વારંવાર માળામાં બેઠેલાં બચ્ચાં જોતાં. જોતજોતામાં તો બચ્ચાં મોટાં થયાં; ને એક દિવસે તો માબાપ અને બચ્ચાં બધાં ત્યાંથી ઊડયાં.

ઊડીને તેઓ સામેની થોરની વાડ ઉપર બેઠાં હતાં. બધાં યે "કચ કચ કચ' કરતાં હતાં. બિલાડી નીકળી ત્યારે જેવું બોલતાં હતાં તેવું બોલતાં હતાં.

મને થયું કે કાબર બચ્ચાંને શીખવતી હશે કે બિલાડી નીકળે ત્યારે કેમ બોલવું. મને એવો વિચાર સરખો ય ન આવ્યો કે કદાચ કાબરોને ત્યાં કોઈ દુશ્મન દેખાયો હોય. હું ઊભો ઊભો અમસ્તો જોતો હતો, ત્યાં તો કાબરો કરડ કરડ કરતી નીચે જમીન તરફ ઊડી જમીન ઉપર કંઈક જતું હતું તેને ચાંચ મારી. ધારીને જોયું તો મને દેખાયું કે એ તો નાનો એવો સાપ હતો. હવે સમજાયું કે સાપને જોઈને કાબરો સૌને ખબર આપતી હતી કે "ભાગો, ભાગો ! ચેતો; ચેતો ! સાપ આવે છે, સાપ આવે છે." કાબર ને તેનાં બચ્ચાં સાપની પાછળ એવાં તો પડ્યાં કે સાપને ભારે થઈ પડી. બિચારો દોડીને કેરડાના જાળામાં ભરાઈ ગયો.

સાપને કાઢીને કાબર અને તેનાં બચ્ચાં થોરની વાડ પાસે જમીન ઉપર ઊતર્યાં.

મોઢા આગળ કાબર હતી ને પાછળ બચ્ચાં હતાં.



મને થયું : "જોઉં તો ખરો કે કાબર એનાં બચ્ચાંને શું શીખવે છે ?"

ધારીને જોયું તો દેખાયું કે કાબર અને તેનાં બચ્ચાં જમીન પરથી કાંઈક ખાય છે. ધીરે ધીરે તેમની પાસે ગયો તો તેઓ પાંખાળી ઊધઈ ચણતાં હતાં. રાફડામાંથી ઊધઈ ઊડી ઊડીને નીકળતી હતી અને કાબર અને તેનાં બચ્ચાં નાસ્તો ઉડાવતાં હતાં. બહુ મીઠા ભોજનમાં તેઓ તલ્લીન થઈ ગયાં હતાં. ત્યાં તો લેલાં આવ્યાં ને થોડી લડાલડી પછી સૌ સાથે મળીને ઉડાવવા લાગ્યાં ! થોડી જ વારમાં 'કો કો કરતા કાગડા આવ્યા. એક આવ્યો, બે આવ્યા, ચાર આવ્યા; પાંચપંદર આવ્યા. કાગડાની એવી જ ટેવ કે 'કો કો કો' કરીને સૌને ભેળા જ કરે. કાબરોને અને લેલાંને કાગડાઓએ કાઢી મૂક્યાં. પછી કાગડાઓએ બધી ઊધઈ એકલાએ ખાધી.

કાબર અને તેનાં બચ્ચાં ફરી વાર માળે ન આવ્યાં. હવાની મજા લેતાં લેતાં એક ઝાડેથી બીજે અને બીજેથી ત્રીજે ઊડ્યાં. અને ઊડતાં ઊડતાં ક્યાંનાં ક્યાંય ચાલ્યાં ગયાં.

ફળિયામાં કાબરો તો રોજ આવે છે ને ઘણી ય આવે છે. પણ પેલાં બચ્ચાં અને તેની મા આવતાં હશે કે નહિ તેની શી ખબર ?

# ચીબરી

મોર ડાળે બેઠો, બુલબુલ અને દેવ ચકલી માળે બેઠાં; કાબર, ચકલી, હોલાં, પોપટ અને કબૂતર માળે અને ડાળે બેઠાં ને આંખો મીંચી ઊંઘવા લાગ્યાં. ત્યારે 'ચીબરક, ચીબરક!' કરતી ચીબરી માળામાંથી બહાર આવી.

ચીબરી દિવસે માળામાં ભરાઈ રહે, ને રાતે બહાર નીકળે ને જાગે.

સાંજ પડે ને અંધારાં ઊતરે એટલે સંભળાય: 'ચીબરક, ચીબરક!' આનંદમાં, ખુશમિજાજમાં, ચીબરી એકાદ ઝાડના ઠૂંઠા ઉપર કે કૂવાના મંડાણ ઉપર કે પડી ગયેલી ભીંત ઉપર બેસે, ને ગોળ ચકચકિત પીળી આંખો અંધારામાં આમ તેમ ફેરવી શિકાર શોધવાનો વિચાર કરે.

ચીબરી હવામા ઊડતાં જીવડાંનો શિકાર કરવા માંડે; નજરે પડેલી એકાદ ઉંદરડીને ઉડાવે; તમ તમ કરતાં તમરાં ઉપર તરાપ મારી તેમનો નાસ્તો કરે.



ચીબરી રાત બધી શિકાર કરતી ભટકે. વીજળીના દીવા પાસે ઊડતાં જીવડાંને ચીબરી ન છોડે. નાનાં નાનાં પક્ષીઓને ને ઘરોળીઓને એ ન છોડે.

ઘરની દીવાલના ગોખલામાં કે કાણામાં અથવા ઝાડના પોલાણમાં ચીબરી પોતાના માળા બાંધે. અને ખડકની તડમાં પણ કોઈ કોઈ વાર માળા બાંધે.

માળા બાંધે એટલે બુલબુલ કે સુગરી જેમ નહિ; એવા સુંદર માળા પણ નહિ; થોડુંક સૂકું ઘાસ, થોડોક જે તે કચરો ને થોડાંક પીછાં; એ એનો માળો.

ચારપાંચ ચીબરીઓ ભેગી મળીને રહે. બધાં પંખીઓ એવી રીતે ભેગાં નથી રહેતાં. બીજાં પંખીઓ મોટે ભાગે બબ્બે નરમાદાની જોડીમાં રહે છે. ચીબરીની રીત જુદી ગણાય.

અજવાળી રાતે મોજમાં હોય તો ચીબરી 'ચીબરક ચીબરક!' હળવેથી ને મીઠાશથી બોલે. પણ જો ખિજાય તો એવું કડવું બોલે કે આપણા કાન દુખવા આવે. એટલે જ લોકો ચીબરીને હાંકી કાઢે છે ને કેટલાક તો એને મારી નાખે છે.

વહેમી લોકો તો ચીબરીની બોલીઓ ઉપરથી ભવિષ્ય ભાખે છે. "આ ચીબરી સારી બોલી." "આ ચીબરી નરસી બોલી." ચીબરી કાંઈ આપણે માટે બોલતી નથી. એ તો ખિજાય ત્યારે ખરાબ બોલે; ને

રાજી હોય, બચ્ચાંને રમાડતી હોય, ત્યારે મીઠું બોલે. કંઇક સારું સારું ખાવાનું મળ્યું હોય ત્યારે પણ વળી મીઠું બોલે; જેમ આપણે બધાં કરીએ છીએ તેમ.

ચીબરીને કેટલાક લોકો ભૈરવ કહે છે. કેટલાએક લોકો એનું નામ પણ નથી લેતા. તેઓ તેનાથી એટલા બધા બીએ છે!

હા, ચીબરી એટલી બધી રૂપાળી નથી, પણ તેનું મોં માણસના જેવું જ છે. આપણી સામે તે માણસ જેમ જુએ છે, ને ડોકું હલાવે છે; કેમ જાણે આપણને કંઈ કહેતી હોય! તે એમ કહેતી હશે કે "હું પણ એક પંખી છું. બહુ ઉપયોગી છું, ઘાટદાર છું; અને છતાં તમે શા માટે મને મારો છો? શા માટે મારાથી ડરો છો? તમે મારો અભ્યાસ કરો એટલે તમને ખબર પડશે કે હું કેટલી સારી છું, ને કેટલી કામની છું."

---